# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૧/૨/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# એમએસએમઇ ઉદ્યોગકારોની મુશ્કેલીઓને નિવારવા ચેમ્બરની નવી દિલ્હી ખાતે એમએસએમઇના અધિકારીઓ સમક્ષ રજૂઆત

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ અને તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતાએ મંગળવારે, ૧૧મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ નવી દિલ્હી ખાતે ભારત સરકારના સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયના એડીશનલ સેક્રેટરી એન્ડ ડેવલપમેન્ટ કમિશનર ડો. રામમોહન મિશ્રા, જોઇન્ટ સેક્રેટરી શ્રી સુધીર ગર્ગ અને એડીશનલ ઇન્ડસ્ટ્રીયલ એડવાઇઝર શ્રી જી શાનમુગનાથનની સાથે બેઠક કરી હતી. જેમાં ચેમ્બર દ્વારા બંને અધિકારીશ્રીઓને એમએસએમઇને પ્રમોટ કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ઉદ્યોગકારોને ઉદ્યોગઆધાર અને રજિસ્ટ્રેશનમાં પડતી મુશ્કેલીઓને નિવારવા મુદ્દે ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. તદુપરાંત બ્યુરો ઓફ ઇન્ડીયન સ્ટાન્ડર્ડની કમિટીમાં એમએસએમઇ ઉદ્યોગકારોને સભ્ય તરીકેનું સ્થાન આપવામાં આવે તેવી રજૂઆત પણ કરવામાં આવી હતી. એમએસએમઇના અધિકારીશ્રીઓએ ચેમ્બરની રજૂઆતોને ખૂબ જ શાંતિપૂર્વક સાંભળી એમએસએમઇ ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓને નિવારવાની દિશામાં હકારાત્મક વલણ દાખવ્યુ હતુ.